# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

વાયરો આડો ફાટે તો ઠીક મારી બઈ
આ તો ચોમાસું આડું ફાટ્યું રે સઈ
હું તો લથબથ ,લથબથ ભીંજાતી ગઈ
આ તો ચોમાસું આડું ફાટ્યું રે સઈ!
ભફાંગ દઈને વાદળ ,હેઠું જ્યાં પડ્યું
ને આંગણિયું રેલમછેલ
કેટલીયે ગગડાટું કુવામાં ખાબકી
ને ફાટી ગઈ માટીની હેલ.

- સુધીર દત્તા

## પાથેય

- રમેશ ઠક્કર

### જળની સાખે..

ચોમાસું આપણને ધરપત આપે છે..વરસાદનો વર્તારો એ આશાનો એકતારો બની જતો હોય છે..કાળઝાળ ઉનાળાની કારમી હતાશા પછી એકાદ વાદળનું ઉમટવું એ આપણી શ્રદ્ધાના વિજય સમું હોય છે..મેઘલી રાત માણસને વિહવળ કરી દેતી હોય છે..આપણા દિલમાં પડેલો ડૂમો વરસાદી ભીનાશથી ધીમે ધીમે ઓગળતો જાય છે..ડૂમો ઓગળવાની ઘટના માણસના ઉત્થાન માટેનો પ્રાકૃતિક પ્રબંધ છે..કામલપુર ગામમાં નળિયાવાળા ઘરમાં ભાગતી રાતે તાલબધ્ધ ચાલતી વર્ષારાણીનો મધુર રવ પરોઢિયે કલરવના વૈભવ સાથે ભીનું આલિંગન આપી જતો..અમારે ત્યાં ચોમાસાને "વરહાળો"' કહેવાય..જેમ ઉનાળો હોય એમ જ ! વરસાદને 'મે" કહેવાય..અને ખેતરે "મે આવ..મે આવ.." કહેતો મોરલો પણ જાણે લોકબોલીનો જાદૂગર જ લાગતો...!

ચોમાસું હવે ઓળઘોળ છે..આભ જયારે મન મૂકીને વરસે છે ત્યારે એમાં એક પ્રકારની પારમાર્થિકતા હોય છે..અત્યારે તો જાતજાતની 'સીસ્ટમ ' બને છે. અને વરસાદ કયાં પડશે એનો રૂટ પણ જાહેર કરી દેવામાં આવે છે..પણ વરસાદનો ખરો રોમાંચ એના અકળ સ્વભાવમાં રહેલો છે...એનું આકલન એટલું સરળ નથી હોતું..મેહૂલો પોતાની રીતે ગરજે છે..વરસવું હોય તો જ વરસે છે..આગાહીની ઐસીતૈસી કરી ઘણીવાર અણધાર્યા અંદાજથી ઘેરાઈ જતા મેઘ ની મજા ઔર હોય છે..ચોમાસું એક અનોખો અનુભવ છે..જે દરેક વખતે નૂતન રીતે પ્રગટે છે. અને એટલે જ અનુભવના માપદંડ માટે આપણે કહીએ છીએ "મેં ઘણાં ચોમાસાં જોયાં છે.." જેમાં આત્મવિશ્વાસ હોય છે.

આજકાલ અષાઢી માહોલ થકી સીમ કોલાહલમય છે..ખેતરોની હરિયાળી નીત નવા રંગ ધારણ કરતી જાય છે..અષાઢ એ ચોમાસાનો ઉઘાડ છે..પણ એની મજા એટલે શ્રાવણ...નીતરતો શ્રાવણ માણસને ભીતર સુધી લઈ જાય છે..આપણી ભાષાના કવિ શ્રી બાલમુકુંદ દવે સરસ લખે છે..

"આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલો જી..
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઈ ઝીલો જી..."

નીતરતું આભ આપણને બારેય મેઘનો એહસાસ કરાવે છે..વરસાદી ફરફર એ આવા સમયે સામાન્ય હરફર જેવી હોય છે..ફોરાં એ પણ વર્ષાનો અલગ મિજાજ હોય છે..હિન્દીમાં બૌછાર જેવો અદ્ભૂત શબ્દ છે..જેનો ગુજરાતી જોડીદાર શબ્દ શોધવો હોય તો ત્રમઝટ કહી શકાય...એમાં લયનો સંકેત છે..વરસાદ કોઈપણ સ્વરૂપે વરસતો હોય એમાં એક રીધમ હોય છે...જે સમગ્ર પરિવેશને જીવંત બનાવે છે...એના એક સ્પર્શથી પ્રકૃતિનાં તમામ અંગો ઝળહળી ઉઠે છે...વરસાદ જોઈ સહુ કોઈ ભીના થાય પણ વરસાદ જોઈ ઉન્માદક અનુભૂતિ કરે એનું નામ કવિ..

જગતની તમામ ભાષાઓમાં કવિઓનાં સ્પંદન આ બાબતે એકસરખાં જ હોય છે...આપણે ત્યાં પણ વરસાદ ઉપર અનેક કવિઓ મન મૂકીને વરસ્યા છે..મણિલાલ હ.પટેલની એક રચના જુઓ..

"વાદળ પહેરી પહાડો ઉભા જળ પહેરીને ઝાડ..
દૂર મલકના જળ સંદેશા ઝીલ્યા કરતાં ઝાડ..
પછીત સુધી પાણી આવ્યાં ઉંબર સુધી ઘાસ
ઘર આખામાં ફરી વળી છે અંધકારની વાસ.."
અને છેલ્લે આ જ અકળ ભાવ સાથે કવિનો આશાવાદ..
'માગ માગ તું જળની સાખે ઝળહળ જળને માગ
જળ અકળને જાણી લે તું જળ સકળને તાગ.. '

# ત્રિરંગો એ રાષ્ટ્રીય સ્વાભિમાનનું પ્રતીક

**તંત્રીસ્થાનેથી...**

આપણો ત્રિરંગો ઘરે ઘરે પહોંચી ગયો છે. નાગરિક હોવું અને તે પણ વિશ્વની સૌથી મોટી લોકશાહીના - એ કોઈ નાનીસૂની વાત નથી. દેશને એનાં કેટલાંક પ્રતીકો હોય છે એમ આપણા દેશે પણ આઝાદ ભારતના વિજયધ્વજ તરીકે ત્રિરંગો સ્વીકાર્યો છે. એમાં જે ત્રણ રંગો છે એનું વિવિધ સ્તરે અર્થઘટન થતું રહ્યું છે. મૂળે કેસરિયો-ભગવો કે ગેરુઓ રંગ સંન્યાસ સૂચક છે. એમાં અધ્યાત્મ સાથે જ ત્યાગ અને બલિદાન સૂચિત થાય છે. સનાતન ધર્મની ધજા આ રંગની છે તો વળી મોટા ભાગનાં હિંદુ રજવાડાં પણ એમના ધ્વજ તરીકે આ જ રંગ પસંદ કરતાં હતાં. આજે પણ વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસ પર ભગવો ઝંડો ફરકે છે. શ્વેત રંગ તો સાતેય રંગોનું સંમિશ્રણ છે. એ શાંતિનો રંગ છે. એ સાત્વિકતાનો સૂચક છે. એમાં વચ્ચે અશોક ચંક્ર છે, જે વળી ચોવીસ આરા ધરાવે છે. ભારતે વિશ્વને અહિંસાનો પ્રથમ સંદેશ સમ્રાટ અશોકના કલિંગ વિજય પછીના હૃદય પરિવર્તન નિમિત્તે આપ્યો હતો. પ્રિયદર્શી અશોક ન ભૂતો ન ભવિષ્યતિ - પ્રકારનો લોક રાજવી હતો. એણે દેશભરમાં ભગવાન બુદ્ધના પંચશીલના સિદ્ધાંતોનો પ્રચાર કરાવ્યો, શિલાલેખો કોતરાવ્યા. લંકામાં સંઘમિત્રાને મોકલીને બૌદ્ધ ધર્મના પાયા નાખ્યા. બૌદ્ધ ધર્મ ભારતની સૌથી મોટી વિરાસત છે જે એણે પોતાના સીમાડાઓ બહાર ઉદારતાપૂર્વક વહેંચી છે. બાબાસાહેબ આંબેડકરને હિંદુ ધર્મની કુટિલ વર્ણાશ્રમ પ્રથા સામે બળવો કરવાનું મન થયું ત્યારે એમને ખ્રિસ્તી કે ઈસ્લામ નહીં અપિતુ ભારતમાં જ પાંગરેલો અને વિશ્વધર્મ બની રહેલો મધ્યમ માર્ગી અને અહિંસક બૌદ્ધ ધર્મ જ વધુ યોગ્ય લાગ્યો હતો. ત્રિરંગાનો બીજો રંગ આમ તો લીલો એટલે તે આપણી હરિયાળીનો સૂચક ગણાય, પરંતુ ભારતના વર્તમાન સ્વરૂપમાં ઈસ્લામનો ફાળો પણ ઓછો નથી. એ દૃષ્ટિએ એને ઈસ્લામસૂચક ગણીને ત્રિરંગાને આપણે ત્રિધર્મી ધ્વજ ગણી શકીએ. શ્વેત રંગમાં ઈસુનો શાંતિ સંદેશ પણ સૂચવાય છે. આમ ભારતમાં રહેતી વસતિ, એના શ્રદ્ધેય ધર્મ-સંપ્રદાયો જેને અંગ્રેજીમાં **FAITH** કહે છે, તે આ ત્રિરંગામાં સામેલ છે, સાંકેતિક રૂપે ત્રિરંગાની વ્યુત્પત્તિ પણ લાંબો વિચાર વિમર્શનું પરિણામ છે. ચરખાનું સ્થાન અશોકચક્રએ લીધું એમાં ગાંધીજી કરતાં આપણી પ્રાચીન સંસ્કૃતિની ભવ્યતાને મહત્વ આપી તત્કાલીન કોંગ્રેસે શાણપણ દાખવ્યું હતું. ચરખો જરૂર શ્રમનું પ્રતીક છે, પરંતુ એના કરતાં પણ વધુ મોટો સંદેશ અશોક ચક્ર આપે છે. ગાયત્રીના ચોવીસ અક્ષરોની જેમ એમાં ચોવીસ આરા છે. એની પ્રાચીનતા આપણી ભવ્ય ધરોહરનો સમાદર કરાવે છે. ઘેર ઘેર ત્રિરંગો લહેરાવવાની સરકારી ઝુંબેશ એક શાસક પાર્ટીની ઝુંબેશ બની જાય છે ત્યારે જરૂર થોડો વિવાદ થાય જ. ત્રિરંગો સૌનો છે. એ ભલે કોંગ્રેસની દેણ હોય પણ હવે એ 'બંધારણીય જણસ' હોઈ દરેક નાગરિકની મૂડી છે. ત્રિરંગાયાત્રાનો રાજકીય દુરુપયોગ શું - ઉપયોગ સુદ્ધાં વર્જ્ય ગણાવો જોઈએ. જોકે રાજકીય પાર્ટીઓ આવી લક્ષ્મણરેખાઓ પાળો એવી અપેક્ષા જ વધારે પડતી ગણાય. ત્રિરંગા મુદ્દે શરૂ થયેલ વિવાદ નિરર્થક છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને પોતાનો ભગવો ઝંડો છે એથી એ ત્રિરંગાનો વિરોધી થોડો થઈ જાય છે ? દરેક સંસ્થાને એનો ધ્વજ રાખવાનો અધિકાર છે. જમ્મુ અને કાશ્મીરના ખાસ દરજ્જાને કારણે એનો આગવો રાષ્ટ્રધ્વજ હતો.

જોકે રાષ્ટ્રીયતાની ઓળખ સમા ત્રિરંગાનું મહત્વ અને ગૌરવ સચાવય તે માટે આવા પેટાધ્વજો જેટલા ઓછા ફરકાવાય એટલું સારું. ત્રિરંગાની શાન એ રાષ્ટ્રની શાન છે. એની પાછળ આપણો સૈનિક જીવ કુરબાન કરતો રહ્યો છે. આપણો ખેલાડી દુનિયાના ચોકમાં ત્રિરંગો લહેરાવતો નીકળે છે ત્યારે આપણી છાતી ગજ ગજ ફૂલે છે. ત્રિરંગાયાત્રા એકલો શાસક પક્ષ શુ કામ યોજે ? એમાં તમામ રાજકીય પાર્ટીઓ અને સંસ્થાઓએ સામેલ થવું જોઈએ. આઝાદીનો અમૃત મહોત્સવ એ ફક્ત વર્તમાન શાસનનો ઈજારો ન હોવો જોઈએ. એ પ્રત્યેક નાગરિકનો મહોત્સવ છે. એમાં ગાંધીની વિચાર સંપદા છે, નહેરુનાં સપનાં છે, સરદારની હાકલ છે, એમાં શાસ્ત્રીનું 'જય જવાન-જય કિસાન' સૂત્ર છે. એમાં ઈંદિરા ગાંધીનો બાંગ્લા-વિજય છે, અટલજીનો કારગિલ વિજય છે, ઈંદિરા-અટલનો પોખરણ અણુ વિસ્ફોટ છે, મોદીનો યોગ છે તો સૌથી ઉપર છે લોકશાહી સામે ઉભા થયેલા પડકાર વખતનો જયપ્રકાશનો પડકાર : સિંહાસન ખાલી કરો-કિ અબ જનતા આતી હે!

# કંઈક મળવાની કિંમત ત્યારે જ સમજાય જયારે એ મળતાં પહેલા કંઈક અડચણ આવે.

## બસ સ્ટેશન

અક્ષય બ્રહ્મભટ્ટ

હોળી આ વખતે શુક્રવારે હોઈ ત્રણ દિવસની રજાનો મસ્ત મેળ પડેલો. મારી નોકરી બરોડા એટલે ગુરૂવારે કામ પતાવીને સાંજે નીકળ્યો ગાંધીનગર ઘરે જવા. ઓફિસથી બસ સ્ટેશન અડધા-પોણા કલાકનો રસ્તો ખરો અને બસનો ટાઈમ હતો સાડા છ નો એટલે સાડા પાંચ વાગે નીકળેલો. સદનસીબે બહાર નીકળ્યાની પાંચ મીનીટમાં જ ડાયરેકટ સ્ટેશનની રિક્ષા મળી ગઈ. એ પણ બે જણ એટલે ટાઈમે પહોંચવાનો અને થોડુ ઘણું ભાડુ બચવાની બેવડી ખુશી હતી.

સ્ટેશન એ ધાર્યા મુજબ છ એ પહોંચ્યો. બરોડાથી રાણીપ (અમદાવાદ) સુધીની વોલ્વોની ટીકીટ ઓનલાઈન બુક કરાવેલી એટલે ચિંતા નહોતી. બરોડાથી અમદાવાદ બે-અઢી કલાક અને ત્યાંથી ગાંધીનગરનો બીજો અડધો-પોણો કલાકના હિસાબે પોણા દસ વાગ્યા સુધીમાં ઘરે પહોંચવાની ગણતરી હતી. સ્ટેશને પહોંચતા જ બસ પણ જાણે રાહ જોઈને ઉભી હતી. ટાઈમ થતાં જ બસ ઉપડી.

થોડી વાર પછી કંટાળો આવવા લાગ્યો અને થાકના કારણે માથુ દુખતું હોઈ મોબાઈલ વાપરવાની ઈચ્છા પણ નહોતી. છેવટે પાછળની સીટે બેઠેલા બહેનની એમના પતિ જોડે ફોન ઉપરની ઉગ્ર દલીલો અનિચ્છાએ પણ સાંભળવી પડી. આમ તો મને કોઈની વાતો સાંભળવાની ટેવ નહીંપણ સંજોગોવસાત બહેનના પતિનું નામ પણ અક્ષય હતું અને હું કંટાળેલો એટલે મને પણ કુતુહુલ જાગ્યું. બસમાં બેઠા ને લગભગ કલાક પછી એમનો ઝઘડો શરૂ થયેલો અને સીટીએમ આવતા આવતા મને એટલું તો સમજાઈ ગયેલું કે ઝઘડો કઈ વાતને લઈને હતો. વચ્ચે મે બહેનને એવું બોલતાં સાંભળ્યા કે મને તો બોલવા દો.. મને નવાઈ એ વાતની લાગેલી કે મને યાદ છે ત્યાં સુધી ૯૦ ટકા ટાઈમ બહેન જ વાત કરતા હતા. બહેન સીટીએમ ઉતરી ગયા, હવે બાકીનો સમય પસાર કેવી રીતે કરવો એ વિચારવાનું હતું. સીટીએમથી રાણીપ પહોંચતા આમ તો ચાલીસ મીનીટ જેવું જ થાય પણ હોળીના હિસાબે ટ્રાફીક હોઈ કલાક લાગી ગયો. જો કે રસ્તામાં પાંચ-છ જગ્યાઓ હોળી જોવાનો લહાવો પણ મળ્યો !

છેવટે સવા નવ વાગ્યાની આસપાસ હું રાણીપ ઉતર્યો. આશા હતી કે થોડો વહેલો હોઈ ગાંધીનગરની બસ જલદી જ મળી જવી જોઈએ પણ નિયતીની કંઈક બીજી જ ઈચ્છા હતી. પંદર મીનીટ રાહ જોયા છતાં એક પણ બસ નજરે ના આવતાં એક દુકાનવાળાને પુછવા ગયો. ત્યાંથી જાણવા મળ્યું કે હજુ વાર લાગે તેમ હતી. માથું તો દુખાવાનું ચાલુ જ હતું. એવામાં દુકાને ચા દેખાતા એક ચા પ્રેમી તરીકે સ્વાભાવિક રીતે જ આદુવાળી કડક ચા પીવાના કોડ જાગ્યા. પણ પાછું ઘરે જઈને જમવાનું હોઈ ચાનો પ્લાન ઈચ્છા હોવા છતાં કેન્સલ રાખવો પડ્યો.

છેવણે પોણા કલાક સુધી રાહ જોયા પછી બસ આવી! પણ તહેવારના હિસાબે અંદર ભીડ એટલી હતી કે ઉભું રહેવાની જગ્યા પણ માંડ દેખાઈ. હાથમાં બે બેગ (એકમાં પાછું લેપટોપ) હોવાના લીધે બેસવું કે નઈ એની અવઢવમાં હતો પણ મોડુ થઈ ગયું હતુ અનેબીજી બસ ના કોઈ અણસાર દેખાતા નહોતા એટલે અંદર જઈને જોયું જવાશે.. ના નિર્ધાર સાથે બસમાં ચઢ્યો. મારા કરતાં મને લેપટોપની બેગ કયાં મુકવી એની ચિંતા વધારે હતી. છેવટે રેક ઉપર પણ ખાલી જગ્યા ના દેખાતાં મારા પગની આગળ જ બેગ મુકી. બીજી બેગ કંડકટરની સીટ ઉપર મુકવાની વિનંતી કરી. કંડકર ભલો માણસ હતો. સંમત થયો. ધક્કા ખાતા ખાતા પણ અંતે દસની જગ્યાએ સાડા દસ વાગે ગાંધીનગર પહોંચ્યા. થાક તો લાગેલો જ હતો પણ કહે છે ને કે.. ધરતીનો છેડો ઘર.. ઘરે પગ મુકતા જ જાણે બધો જ થાક ઉતરી ગયો. ઘરમાં પ્રવેશતાં જ મેં રસોડા તરફ દોટ મુકી.. જયાં મમ્મીના હાથનું ખાવાનું મારી રાહ જોઈ રહયું હતું. મુસાફરી એ થકવી નાખેલો પણ પહેલો કોળિયો મોઢામાં જતાં જ લાગ્યુ કે દુનિયાનો નિયમ છે કે કંઈક મળવાની કિંમત ત્યારે જ સમજાય જયારે એ મળતાં પહેલા કંઈક અડચણ આવે.

# છગનલાલનું કોમનવેલ્થ કનેક્શન......



**હમજ્યા મારા ભૈ !**

ભાગ્યેશ જહા

અમુક માણસો એવું માનતા હોય છે કે આ જગત આપણા લૉજિક ઉપર ચાલે છે, જ્યારે બીજા એવા હોય છે જેમને આ જગતમાં ફરિયાદ સિવાય કશું હોય નહિ. છગનલાલને જુઓ તો દેખાવમાં 'ઓર્ડીનરી' શબ્દ પણ ઓર્ડીનરી લાગે એટલા બધા ઓર્ડીનરી પણ જાત માટેનું માહત્મ્ય તો ગમે તેને શરમાવે એવું.પણ કૉમનવેલ્થ ગેમના દેખાવ માટે રાત્રે ત્રણ ત્રણ વાગ્યા સુધી કૉમનવેલ્થ જુએ, સ્ટેડિયમ એમના પિતાશ્રીએ બંધાવ્યા હોય એવી માસ્ટરીથી વાત કરે. બર્મિંગહામના મેયરના સાઢુભાઈ એમને ઓળખતા હોય એટલી સહેલાઈથી વાત કરે. આપણને ખબર છે કે આ છગનલાલે છત્તીશગઢ પણ જોયું નથી કે નથી છત્રાલ ક્રોસ કરીને ક્યાંય ગયા છે પણ છગનલાલ જેનું નામ...એવું જ લાગે ગઈકાલે તો એ બર્મિંગહામ હતા...

'તમે નહીં માનો, કાલે મઝા આવી ગઈ..' છગનલાલે એમના મિત્ર મગનલાલને કહેવાનું શરું કર્યું.

'કેમ તમે બર્મિંગહામ ગયા હતા? ' બધા મિત્રોને ખબર જ હતી કે જ્યારથી કૉમનવેલ્થ ગેમ્સ શરું થઈ છે તે દિવસથી છગનલાલ ટ્રાન્સમાં છે. એ શ્રી નરેંદ્ર મોદીના વિરોધીઓને ખીજવવા માટે કહેતા હતા કે 'જો જો, બૉસ ! આ વર્ષે કૉમનવેલ્થમાં ગોલ્ડમેડલ્સનો વરસાદ થશે.

અને એક પછી એક રમતમાં તિરંગો લહેરાવા લાગ્યો.

છગનલાલને મઝા આવવા લાગી. એ કહેતા જો જો હમણાં દીપક પુનિયા કુસ્તીમાં જબરદસ્ત દેખાવ કરશે. કુસ્તીની રમત ચાલતી હોય ત્યારે છગનલાલને જોવા એ પણ એક લ્હાવો છે. એમના ઘરના તો ખાસ ગેમ-ડીસ્ટન્સીંગ રાખે છે, કારણ છગનલાલ ક્યારે પોતાને ભારતના ખેલાડી અને સાથે બેઠેલા પરિવારજનને પાકિસ્તાની ખેલાડી સમજીને પછાડી દે એ કહેવાય નહીં. એ કુસ્તી ચાલતી હતી ત્યારે પે'લા રેફ્રી જેટલા જ પોતે ઉંચા નીચા થતા હતા. એ નીચે નમીને એક વખત તો ટીવીની નીચે ઘુસી ગયેલા. એમને એવું થયા કરે છે કે મારા હાથમાં સીસોટી આપો તો હું આખું પરિણામ બદલી શકું એમ છું. કુસ્તીની ફાઈનલમાં એમને હાથમાં ટીપૉયના ટૉપનો કાચ વાગેલો તે રાત્રે દવાખાને જવું પડેલું. જો કે મોડી રાત સુધી હાઈલાઈટસ જોતા જોતા એ ડૉક્ટરે આપેલી ઉંઘની ગોળીને હરાવતા નજરે પડ્યા હતા. એમની પત્ની એમને એક પ્રેક્ષકની જેમ પ્રોત્સાહન આપતી તો ક્યારેક એમના હાઈપર-ટાઈપના વર્તન બદલ યલો અને રેડ કાર્ડ પણ આપી ચુક્યા હતા.

વેઈટ-લિફ્ટીંગમાં મીરાંબેનની સાથે સાથે એ બે તકિયા ઉગામી હનુમાનની જેમ ઉભા રહેતા. એમનું એવું માનવું છે કે જેમ સામે બેઠેલા પ્રેક્ષકો ખેલાડીની ઉર્જામાં વધારો કરે એમ દુરદુર બેઠેલા એમના જેવા પ્રેક્ષકો પણ પ્રોત્સાહન પુરું પાડી શકે. એ શુકન થાય એટલા માટે પડોશમાંથી મણિફોઈને બોલાવી લાવ્યા. કહ્યું,

"ભારતની આ છોકરીનાં દુ:ખણાં લ્યો..!" પછી આગળ અવાજ બદલીને સત્તાવાહી અવાજમાં કહેતા, " માજી, તમે આખી જિંદગી આખા પરિવારનો ભાર ઉપાડ્યો છે, તમારા પુણ્યથી જ આપણી ૪૯ કિલોની મહિલા સોનાનો મેડલ જીતી રહી છે.. "

મણિફોઈ પણ હા માં હા પુરાવતાં કહેતા, 'હા, ભઈ ! બાઈ માણસ બધું માથે રાખે એના લીધે ઘણા કુટુંબ ચાલે છે..' આટલું વાક્ય બોલ્યા ત્યાં જ ફાઈનલમાં આવેલી આપણી મહિલાખેલાડી ૧૧૩ કેજી વજન ઉંચકી સ્થિર થઈ અને બે ડગલાં ચાલી. અને તાલીઓનો વરસાદ.... !!! છગનલાલના ઘરમાં રોજ શિરો બન્યો છે. ગોલ્ડ મળ્યો નથી કે એમની પત્નીને કહેતા, " હલાવી નાંખ, શિરો... ! " પત્ની મેટફોર્મિનની ગોળી બતાવીને કહે, 'આ જુઓ છો, ડાયાબિટીસ છે અને રોજ રોજ શિરા ખાવાની ઈચ્છા કેમ થાય છે..' તરત જ છગનલાલ અવાજ ઉંચો કરીને બોલતા, 'આપણે આપણું શરીર પકડીને ના બેસી રહેવાય ! જ્યારે દેશનો સવાલ હોય ત્યારે થોડું દુઃખ પડે તો પણ ..... '

હાઈ-જમ્પમાં જ્યારે ભારતનો ખેલાડી કુદી રહ્યો હતો ત્યારે ચોકીદાર તરીકે નોંકરી કરનાર છગનલાલના ગામનો એક માણસ હાઈજમ્પ લઈને સીઈઓ થઈ ગયો એની આખી વારતા સૌને સંભળાવી દીધી. એ એમના ગામના દશજણની હાઈજમ્પની વારતા સંભળાવતા.

હૉકીની ફાઈનલ વખતે તો એ બેઠા જ નથી, જાણે પોતે જ ગોલકીપર હોય એમ ! ક્યારેક તો દોંડવા માંડે, પહેલા દિવસની ઈન્જરીને કારણે એમના પત્નીએ આખો રૂમ એમના છગનબાબા માટે ખુલ્લો રાખેલો.. ચઅમારા પરમ વાચક શ્રી અર્ચન ત્રિવેદીને ખબર છે, પત્નીઓ કોનેકોને બાબો કહેતા હોય છે.. હૉકીમાં જો ભારતનો ખેલાડી એક હદથી વધારે ઝુકીને રમતો હોય તો છગનલાલ ઘરમાં ગબડી પડ્યાની ઘટનાઓ બની છે. ફેન કહેતાં પંખાઓ કેટકેટલા વાનાં કરતા હોય છે જેનાથી આપણા ખેલાડીઓનો 'મુડ' બની રહે..

સૌથી ઉશ્કેરાટવાળો સમય તો બેડમિંગ્ટનની રમત વખતે આવતો. છગનલાલને ખુલ્લી જગા મળે એટલા માટે ઘરમાં કપડાં સુકવવાની દોરી બાંધી આભાસી 'સીમ્યુલેટેડ' મેદાન ઉભું કરવામાં આવતું. છગનલાલ પ્રાચીનકાળમાં જ્યારે તે યુવાન હતા ત્યારે બેડમિંગ્ટન રમતા હતા તે કારણથી જુના રેકેટ લઈને જ ઉભા રહેતા. દરેક સ્મેશ વખતે એમનો હાથ વીંઝાતો અને નેટ-પ્લેમાં એ નાજુક રીતે એક્શન-મોડમાં આવી જતા. પીવી સિંધુના શોટ્સની કૉપી કરતા તો લક્ષ્યસેનની જેમ વળી જતા છગનલાલ બર્મિંગહામનું વાતવારણ ઉભું કરતાં એ જોઈને બાવળાના પડોશીઓને પણ આનંદ આવતો. ડબલ્સમાં જે સટાસટીમાં સોથી વધું વખત ઉંચકાયા પછી પણ શટલ ચકુલૂ ઉપર જ રહેલું એ જો બીજા ત્રણ શોટ પછી પણ પડ્યું ના હોત તો છગનલાલના શ્વાસોમાં ગરબડ ઉભી થાત.

છગનલાલ એવું માને છે કે ઘેર ઘેર કંસાર રંધાય છે એટલે મેડલ વધતા જાય છે. દેશભક્તિનો આજકાલ જોરદાર માહોલ છે એ દરમ્યાન જ આ કૉમનવેલ્થની રમતો યોજાયી અને એમાં ભારતનો જયજયકાર થવાથી કરોડો છગનલાલોને ભરચોમાસે દિવાળી લાગી એ વધારાનું !

https://olympics.com/en/news/commonwealth-games-2022-india-medals-tally
https://en.wikipedia.org/wiki/Venues_of_the_2022_Commonwealth_Games

# વિજયી વિશ્વ તિરંગા પ્યારા ..!!!!!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

દરેક દેશને પોતાનો એક રાષ્ટ્રધ્વજ હોય છે જે એના હોવાપણાની આલબેલ પોકારતો રહે છે .. જે દુનિયાને યાદ અપાવતો રહે છે કે ' હમ ભી હૈ ' ..!! અને દરેક દેશવાસીને રાષ્ટ્રધ્વજનું ગૌરવ હોય છે . દેશના સાર્વભોમત્વ અને દેશની આન – બાન અને શાન એવા રાષ્ટ્રધ્વજને સલામી આપતી વખતે કે એને લહેરાવતી વખતે કે પછી એના તરફ એક અમીનજર નાખતી વખતે દરેક દેશવાસીની છાતી ગજ ગજ ફૂલતી જ હોય છે . દર ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ આપણો તિરંગો શાનથી લહેરાઈ છે અને એને આખોએ દેશ સલામી આપે છે . દરેક દેશના પોતાના રાષ્ટ્રધ્વજ માટેના નિયમો હોય છે અને હોવા પણ જોઈએ કેમકે આખરે રાષ્ટ્રધ્વજ કોઈપણ દેશની આબરૂ અને એની અસ્મિતાનું પ્રતિક હોય છે અને એટલે જ લડાઈઓમાં કે દેશવિરોધી તોફાનોમાં જ્યારે રાષ્ટ્રધ્વજનું અપમાન કરવામાં આવે છે ત્યારે એક સાચા દેશભક્ત તરીકે આમ નાગરિકનું પણ લોહી ઊકળી ઊઠતું હોય છે . રાષ્ટ્રધ્વજનું અપમાન એ આખા દેશનું અપમાન ગણાય છે અને એટલે જ રાષ્ટ્રધ્વજ એ માત્ર ધ્વજ નહીં પણ એક એવું પ્રતિક છે કે જેમાં છલોછલ દેશપ્રેમ તો છે જ પણ સાથે સાથે એ સ્વાભિમાન છે દેશના નાગરિકોનું .

અત્યારે સુધી આપણે આ બે દિવસ કે જે રાષ્ટ્રીય તહેવાર પણ છે ત્યારે જ તિરંગો ફરકાવી શકતા હતા અને એના પણ થોડા આકરા કહી શકાય એવા નિયમો હતા જ પણ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર ૧૫ મી ઓગસ્ટ એટલે કે કાલે આપણે આપણા ઘર પર શાનથી તિરંગો લહેરાવી શકીશું અને એના માટે સરકારે નિયમોમાં પણ ફેરફારો કર્યા છે . વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતાના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ૧૩થી ૧૫ ઑગસ્ટ સુધી પોતાના ઘરે તિરંગો ફરકાવવાની અપીલ કરી છે પણ સાથે સાથે રાષ્ટ્રધ્વજનું સન્માન જળવાય એ પણ જરૂરી છે . અસલમાં રાષ્ટ્રધ્વજના સન્માન માટે ફ્લેગ કોડ ૨૦૦૨ છે જેને અનુસરવું ફરજિયાત છે અને એમ ના કરવા પર જેલની સજા પણ થઈ શકે છે . આમ તો રાષ્ટ્રધ્વજ માત્ર સવારથી સાંજ સુધી જ ફરકાવી શકો છો પણ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ફ્લેગ કોડમાં ફેરફાર કરાયો છે અને ૨૦ જુલાઈ, ૨૦૨૨ના એક સુધારા અનુસાર હવે રાષ્ટ્રધ્વજ રાત્રિ અને દિવસ બંને સમયે ફરકાવી શકાશે. તેમજ ખુલ્લી જગ્યાએ કે ઘર પર પણ રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાશે. જોકે, અગાઉ રાષ્ટ્રધ્વજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી જ ફરકાવી શકાતો હતો. આવું જ કઈક ધ્વજના કાપડ બાબતે પણ હતું . પહેલા માત્ર ખાદીના બનેલા ધ્વજ જ ફરકાવી શકાતા હતા પણ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજથી રાષ્ટ્રધ્વજ પૉલિસ્ટરના કાપડથી બનાવવાને પણ મંજૂરી અપાઈ છે .

આજે જ્યારે ૧૩ થી ૧૫ ઓગસ્ટ સમગ્ર ભારત પોતાના ઘર કે ધંધાના સ્થળે શાનથી તિરંગો લહેરાવવા જઈ રહ્યું છે ત્યારે એ પણ જાણી લો કે જાણતા – અજાણતા તીરંગા નું અપમાન ના થાય અને એટલા માટે તિરંગો ફરકાવવાના થોડા નિયમો જાણવા જરૂરી છે . . જેમકે રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે તે ફાટેલો, વળેલો કે કરચલી પડેલો ન હોવો જોઈએ. તો ભારતનો રાષ્ટ્રધ્વજ જે ઊંચાઈએ ફરકાવવામાં આવ્યો છે, તેના જેટલી જ કે તેનાથી વધુ ઊંચાઈએ અન્ય કોઈ ધ્વજ ન ફરકાવી શકાય , બીજું કે રાષ્ટ્રધ્વજનો કોઈ પણ પ્રકારના શણગાર માટે ઉપયોગ ન કરી શકાય અને ખાસ તો રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે કેસરી રંગ ઉપરની તરફ રહે તે જરૂરી છે એવી જ રીતે રાષ્ટ્રધ્વજ પર કોઈ પણ જાતનું લખાણ લખેલું ન હોવું જોઈએ કે તે જમીન પર પડેલો કે પાણીમાં તરતો ન હોવો જોઈએ. રાષ્ટ્રધ્વજ ને કોઈ પોશાકમાં , કે તેના કાપડ, રૂમાલ, સોફા કવર, નેપકિન કે આંતર્વસ્ત્ર ન બનાવી શકાય અને ખૂબ અગત્યનું કે રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે તે દંડની જમણી તરફ હોવો જોઈએ.

'હર ઘર તિરંગા'એ દેશના દરેક નાગરિકના હૃદય અને દિમાગમાં દેશભક્તિની ભાવનાને ઉચ્ચ સ્તરે લઈ જવાનો કાર્યક્રમ છે. દેશના ૨૦ કરોડથી વધુ ઘરો એટલે કે ૧૦૦ કરોડથી વધુ લોકો ત્રણ દિવસમાં તેમના ઘરે તિરંગો ફરકાવશે. હવે આમાં ખોટું શું છે ? જો દેશભક્તિને પ્રદર્શિત કરવાનો મોકો મળે તો કોઈપણ દેશનો નાગરિક ચોક્કસપણે પોતાની દેશભક્તિ પ્રદર્શિત કરે જ . બની શકે કે એ પ્રદર્શિત કરવાનો પ્રસંગ કે સ્થળ કે પછી વતવારણ અલગ અલગ હોય શકે . સીમા પર દુશ્મનની છાતીમાં ગોળી ધરબીને તિરંગાને યાદ કરનાર શૂરવીર સૈનિકના હાથમાં તિરંગો હોય કે ના હોય પણ એના દિલ અને આંખોમાં તો તિરંગો સદાયે છવાયેલો હોય જ છે . હમણાં જ પૂરા થયેલા કોમનવેલ્થ ગેમમાં એક વાત નોંધી હશે કે વિક્ટરી સેરેમનીમાં તિરંગાને ઉપર ચડતા જોઈને ખેલાડી તો ઠીક પણ ઘરમાં બેસીને ટીવી પર આ દ્રશ્ય જોનારને પણ રોમાંચ થતાં વગર રહ્યો નહીં હોય . અને આ જ તો છે એક આમ નાગરિકની રાષ્ટ્રધ્વજ સાથેની લાગણી . ટૉકીઝમાં ફિલ્મ શરૂ થવાની પહેલા વાગતું રાષ્ટ્રગીત અને એના માનમાં કોઈ જ આદેશ વગર સ્વયંભૂ ઊભા થઈને રાષ્ટ્રગીત ગાતા પ્રેક્ષકોને જોઈને દેશપ્રેમનો પારો ચડે તો એ નકલી નહીં પણ અસલી દેશભક્તિ છે અને એ જ છે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજ પ્રત્યે મારો ને તમારો આદરભાવ ..!!

અને તમે જો તિરંગા પ્રત્યે આ આદરભાવ દર્શાવો છો તો તમે દેશ પ્રત્યેની તમારી લાગણી તો વ્યક્ત કરો જ છો પણ સાથે સાથે દેશની અખંડિતતા અને સાર્વભોમત્વ માટે આઝાદીની લડાઈથી લઈને આજે પણ દેશની સીમાઓ પર જાણ ન્યોછાવર કરતાં અનેકો બહાદુર સૈનિકોને અંજલિ આપો છો . આફ્ટરઓલ સૈનિકો દેશના ધ્વજની આન અને શાન માટે તો લડતા હોય છે . સોશિયલ મીડિયા પર ઘણી નોટો ' ખાલી બે દિવસ જ દેશભક્તિ ? ' એમ કહીને અક્કલનું પ્રદર્શન કરતી હોય છે એ ઉબેટોને એટલું જ કહેવાનું કે દેશભક્તિનું પ્રદર્શન કરવું એ કોઈ અપરાધ નથી અને જો એક કે બે દિવસ પણ કોઈ પોતાના રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત કરે છે તો એ બાકીના દિવસો કાઈ દેશદ્રોહી નથી હોતો ..!!! પણ ના.. દેશમાં એક આખો વર્ગ એવો છે કે જેને મોદી સાથે ગયા જનમનું વેર છે એટલે થાય છે શું કે મોદીએ કહ્યું એટલે એનો અનાપ-સનાપ વિરોધ કરવાનો જ ..!!! પણ હે એક આંખધારી વિરોધીઓ તનીક તમારા ગામ કે શહેરમાં લટાર મારી લેજો તો તમને દેખાશે કે તિરંગો અનેકો ઘર-દુકાનો પર શાનથી લહેરાઈ રહ્યો છે . નો ડાઉટ દેશભક્તિ બતાવવી અને એનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરવો એ બન્ને જો સાથે થઈ શકે તો વેલ એન્ડ ગુડ છે જ પણ એમ છતાંયે દેશભક્તિ કે દેશ પ્રત્યેનો પ્રેમ કોઈ ચોક્કસ દિવસ પૂરતો પણ પ્રદર્શિત થાય તો એનાથી એક મહત્વનો ફાયદો એ થવાનો કે નવી પેઢી કે જેને દેશભક્તિ અને રાષ્ટ્રભક્તિ વિષે વધુ ગંભીરતાથી વિચારવાનો ઓર એક મોકો મળી જવાનો . છેલ્લા થોડા વર્ષોમાં તિરંગા પ્રત્યે લોકોનો પ્રેમ અને આદર વધ્યા છે અને એનું કારણ કદાચ એ પણ છે કે રાષ્ટ્રપ્રેમી પ્રવૃતિઓ દેશમાં વધતી જાય છે અને પરિણામે આજસુધી તિરંગા પ્રત્યે શુષ્ક રહેલો એક આખો વર્ગ ' હર ઘર તિરંગા ' જેવા કાર્યક્રમોને લીધે તિરંગા ની શાનમાં સલામી આપતો થયો છે . સી એક વાત સ્પષ્ટ છે કે